# <u>પ્રેસ નોટ</u>

## અમૂલ ફેડરેશન ધ્વારા દુષ્કાળ રાહતમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં આપેલ પશુદાણ અંગે સાચી હકિકત

**તાઃ૨૫/૧/૨૦૧૪**

**મહેસાણાઃ** ગત વર્ષે ગુજરાતમાં દૂષ્કાળ પડવાથી પશુધનને બચાવવા અને પશુપાલકોના વિશાળ હિતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના સહકારી દૂધ ઉત્પાદક સંઘોને અમૂલ ફેડરેશન(જીસીએમએમએફ) આણંદ ધ્વારા રાહત દરે ૧૬,૫૨૧.૫ મેટ્રીક ટન પશુદાણ અમૂલ ફેડરેશન પાસે પશુદાણનું કારખાનું ના હોવાથી દૂધસાગર ડેરીના જગુદણ ખાતેના સાગરદાણના કારખાનામાંથી પુરું પાડવામાં આવેલ હતું. આ પશુદાણની તમામ રકમ અમૂલ ફેડરેશન તરફથી દૂધસાગર ડેરીને ચૂકવી આપવામાં આવેલ છે.

અમૂલ ફેડરેશન ધ્વારા અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું સમગ્ર ભારત અને વિદેશમાં વેચાણ કરવામાં આવે છે.અમૂલ એ ટેસ્ટ ઓફ ગુજરાત નહિ પણ ટેસ્ટ ઓફ ઈન્ડિયા છે. અમૂલ પેર્ટન હેઠળ મહારાષ્ટ્ર રાજયમાં દૂધનું ખરીદ–વેચાણ કરવામાં આવે છે. હાલમાં મુંબઈ શહેરમાં અમૂલ બ્રાન્ડ હેઠળ દૈનિક ૧૦ લાખ લિટર થી વધુ દૂધનું વેચાણ કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં કારમો દુકાળ પડતા ભારત સરકારના કૃષિપ્રધાન માનનીય શ્રી શરદ પવાર ધ્વારા પશુઓનું જીવન બચાવવા અમૂલ ફેડરશનને દાણ પુરું પાડવા વ્યકિગત વિનંતી કરવામાં આવેલ અને મહારાષ્ટ્રના ડેરી ફેડરેશન – મહાનંદા ધ્વારા પણ પશુદાણ પુરું પાડવા માટે અમુલ ફેડરેશનને વિનંતી કરવામાં આવેલ. તેઓને વિનંતીને ગ્રાહય રાખી અમૂલ ફેડરેશનના કુલ ૭૫૬ મતો પૈકિ બહુમતી એટલે કે ૩૮૬ મત ધરાવતા સભ્યો અમૂલ ડેરી, સાબર ડેરી અને દૂધસાગર ડેરી મહેસાણાને વિશ્વાસમાં લઈ ૧૩,૭૩૧.૫ મેટ્રીક ટન પશુદાણ મહારાષ્ટ્રમાં દુષ્કાળ રાહત તરીકે પુરુ પાડવામાં આવેલ છે જેમાં કોઈ ઉચાપત કે ગેરરીતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .આ પશુદાણ પુરુ પાડવાનો કાર્યક્રમ ગુજરાત–મહારાષ્ટ્રના સ્થાપના દિને મહારાષ્ટ્ર રાજયના ઉપમુખ્યમંત્રી શ્રી અજિત પવારની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ તથા દેશના કૃષિ પ્રધાન શ્રી શરદપવાર સાથે આ

અંગે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવેલ હતી. અમુલ ફેડરેશન નિયામક મંડળની કાર્યપ્રણાલી એ સર્વાનુમતે નિર્ણય કરવાની રહેલી હોવાથી બહુમતીથી નિર્ણય કરેલ નહી અને સૌરાષ્ટ્ર અને કચ્છના દૂધ સંઘોને દુષ્કાળ રાહત પેટે આપેલ પશુદાણની રકમ જે રીતે દૂધસાગર ડેરીને મળેલ છે તે જ રીતે મહારાષ્ટ્ર ડેરી ફેડરેશનને આપેલ પશુદાણની રસીદો મળેલ છે જેની રકમ પણ અમુલ ફેડરેશન ચૂકવશે અને આ બાબતનો નજીકના ભવિષ્યમાં સત્વરે ઉકેલ આવશે તે માટે આશાવાદી છીએ.

આ દુષ્કાળના સમયગાળામાં ઈફકો જેવી રાષ્ટ્રીય સહકારી સંસ્થાએ પણ કે જેમને પશુપાલન સાથે સીધો સબંધ નથી તેમણે પણ મહારાષ્ટ્રમાં પશુદાણ પુરુ પાડેલ છે. જીવદયા ને ધ્યાનમાં મહારાષ્ટ્રમાં દુષ્કાળ રાહત તરીકે આ પશુદાણ આપવામાં આવેલ છે.